# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૫ અંક : ૨૨૩ તા. ૨૩-૦૫-૨૦૧૯ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા



ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

staffavailable.com

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com












## ક્રૂડમાં ભભૂકતી તેજી

મધ્ય પૂર્વના દેશોમાં ઊભી થયેલી તંગદીલીને કારણે ક્રૂડના ભાવ ૧.૪ ટકા વધીને બે અઠવાડિયાના ટોપ ઉપર આવી ગયા છે. સાઉદી અરેબિયા અને સાથી દેશોએ ઈરાન ઉપર હવાઈ હુમલો કર્યા પછી મધ્ય પૂર્વના દેશોમાં તંગદીલી વધી ગઈ છે અને તે પાછળ ડબ્લ્યુટીઆઈ ક્રૂડના ભાવ પણ ૮૫ સેન્ટ વધીને ૬૨.૮૭ ડોલરના લેવલે આવી ગયા હતા. જ્યારે બ્રેન્ટ ક્રૂડના ભાવ ૮૫ સેન્ટ વધી અત્યારે ૭૨.૬૨ ડોલરના લેવલ ઉપર આવી ગયા છે અને તે રીતે અત્યારે બ્રેન્ટ ક્રૂડમાં ૩ અઠવાડિયાનું ટોપ ચાલી રહ્યું છે. સાઉદી અરેબિયાના દર્શાવ્યા મુજબ ઈરાને સાઉદી અરેબિયાના પમ્પીંગ સ્ટેશનો અને ઈન્સ્ટોલેશન ઉપર ડ્રોન દ્વારા હુમલો કરાયો અને તેને કારણે ચાર ઓઈલ ટેન્કરોને અસર પડી છે અને તે પછી સાઉદી અરેબિયાએ ઈરાન ઉપર વળતો હુમલો શરૂ કરતા અમેરિકા દ્વારા બગદાદ ખાતેના અમેરિકન એમ્બેસીના સ્ટાફને તે દેશ છોડી દેવાનો ઓર્ડર કર્યો છે અને અતિશય મહત્ત્વના અમૂક જ સ્ટાફને એમ્બેસીમાં ચાલુ રાખવામાં આવ્યા છે અને તે દર્શાવે છે કે આગામી દિવસોમાં અમેરિકાના સપોર્ટ સાથે સાઉદી અરેબિયા ઈરાન અને ઈરાક ઉપર હુમલો કરે. સામે પક્ષે એશિયામાંથી ક્રૂડની હેરફેર કરતી શિપીંગ કંપનીઓએ મીડલઈસ્ટખાતેના વાહનોને હાઈ એલર્ટ ઉપર મૂકી દીધા છે અને મીડલઈસ્ટમાંથી ક્રૂડની હેરફેર કરતા વાહન માટે શિપીંગ ભાડામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. અને તેની અસર પણ ક્રૂડના ભાવ ઉપર આગામી દિવસોમાં જોઈ શકાશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મીડલઈસ્ટમાં એરક્રાફ્ટ કેરિયર ગ્રૂપ, બી-૫૨ બોમ્બર અને પેટ્રીયલ મિસાઈલ સજ્જ કરવાનો ઓર્ડર કર્યો છે અને અમેરિકા દ્વારા મીલીટરી ફોર્સ એકદમ વધારી દેવાતા મધ્યપૂર્વના વિસ્તારમાં ટેન્શન એકદમ વધી ગયું છે અને આગામી દિવસોમાં ઈરાન કે ઈરાક કોઈ પણ અવળચંડુ પગલું લેશે તો તેને કારણે મધ્યપૂર્વમાં યુદ્ધ ફાટી નીકળે તે ભય ખૂબ મોટો છે અને આ ટેન્શનને કારણે સપ્લાય ખોરંભે પડે તે ટેન્શન પણ ખૂબ ઊંચું હોવાનું અનેક ફંડ મેનેજરો માની રહ્યા છે.

સામે પક્ષે ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના ટોચના સલાહકારોને આ તબક્કે અમેરિકા, ઈરાન સાથે તંગદીલીમાં ન પડે તે અંગે સૂચના આપી છે. અને તેથી આગામી દિવસોમાં ઓપેકના દેશો કયા પ્રકારનો અભિગમ લે છે તે ખૂબ જ મહત્ત્વનું છે. ઓપેકના દેશોની મીટીંગ આગામી દિવસોમાં મળવાની છે અને જાન્યુઆરી મહિનામાં ઓપેકના દેશોએ ઉત્પાદનમાં જે ઘટાડો કર્યો તેને કારણે અત્યાર સુધીમાં ક્રૂડ તેલના ભાવમાં ૩૦ ટકાનો ઉછાળો આવી ગયો છે. ઓપેકના દેશોની મીટીંગ આ અઠવાડિયે સાઉદી અરેબિયામાં મળવાની છે અને તેમાં વિવિધ દેશો પોતાના ઉત્પાદન અંગે વિસ્તૃત ચર્ચા કરશે અને જો ઉત્પાદનમાં વધારો કરવાનો નિર્ણય નહીં આવે તો બ્રેન્ટ ક્રૂડના ભાવ વધીને ૭૫થી ૭૮ ડોલર પહોંચી જતા વાર નહીં લાગે.

**ફેડરલ બેંકનો શેર પણ અપટ્રેન્ડમાં દાખલ થયો**





ગયા અઠવાડિયા દરમિયાન જોવાયેલી તોફાની વધઘટ દરમિયાન એકંદરે મીડકેપ અને સ્મોલકેપ શેરોમાં નબળો ટ્રેન્ડ જોવાયો હતો તેમ છતાં આ કોલમમાં દર્શાવેલા શેરોએ એકંદરે મજબૂતી દર્શાવી છે.

ગયા અઠવાડિયે **એયુ સ્મોલ ફિનાન્સ બેંક**ના શેરમાં કમાવાશે તેમ કહ્યું હતું અને તે વખતે આ શેર રૂા. ૬૪૫ ઉપર હતો અને અઠવાડિયા દરમિયાન રૂા. ૬૭૫ થઈને રૂા. ૬૬૫ ઉપર બંધ આવ્યો છે અને આગામી દિવસોમાં એયુ સ્મોલ ફિનાન્સ બેંકનો શેર સુંદર ઉછાળો દર્શાવે અને રૂા. ૬૭૬ થઈને રૂા. ૭૧૬ ઉપર આવી જાય તો પણ નવાઈ નહીં લાગે.

**વરૂણ બેવરેઝીસ**નો શેર ગયા અઠવાડિયે રૂા. ૯૧૫ ઉપર હતો અને અઠવાડિયા દરમિયાન રૂા. ૯૬૨ થઈને રૂા. ૯૦૭ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં પણ હવે ઘટાડાનો ટ્રેન્ડ આગળ વધશે તેવી ગણતરી છે.

**એસબીઆઈ લાઇફ**નો શેર પણ ઉછાળો બતાવશે તેમ કહ્યું હતું. એસબીઆઈ લાઈફ ગયા અંક વખતે રૂા. ૬૪૩ ઉપર હતો અને અઠવાડિયા દરમિયાન વધીને રૂા. ૬૪૯ થઈને રૂા. ૬૩૧ ઉપર બંધ આવ્યો છે. થોડીક સેશન આ શેરમાં ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવાયા પછી મજબૂત ઉછાળો બેસે છે.

તેવી જ રીતે **રિલાયન્સ ઇન્ફ્રા**ના શેરમાં નબળાઈ ચાલુ રહેશે તેમ દર્શાવ્યું હતું. રિલાયન્સ ઈન્ફ્રા ગયા અઠવાડિયે રૂા. ૧૦૭ ઉપર હતો અને અઠવાડિયા દરમિયાન એક વખત રૂા. ૯૯ સુધી નીચો ઊતરી વધીને રૂા. ૧૦૮ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં પણ આ શેરમાં નબળાઈ ચાલુ રહે તેવી ગણતરી છે.

તેવી જ રીતે **રિલાયન્સ કેપિટલ**નો શેર પણ નબળાઈ બતાવશે તેમ દર્શાવ્યું હતું. ગયા અઠવાડિયે રૂા. ૧૧૭ ઉપર હતો અને અઠવાડિયા દરમિયાન રૂા. ૧૦૩ થઈને ફરી વખત રૂા. ૧૧૫ ઉપર આવ્યો છે અને હજી પણ આ શેરમાં નબળાઈ ચાલુ રહેવાની ગણતરી છે.

**સનટીવી**ના શેરમાં પણ નબળાઈ જોવા મળશે તેમ દર્શાવ્યું હતું સન ટીવી ગયા અંક વખતે રૂા. ૫૪૧ ઉપર હતો અને સપ્તાહ દરમિયાન રૂા. ૫૨૦ થઈને રૂા. ૫૩૫ ઉપર બંધ આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં નબળાઈ ચાલુ રહેવાની ગણતરી છે.

તેવી જ રીતે **અદાણી પાવર**ના શેરમાં પણ ઘટાડો ચાલુ રહેવાનું દર્શાવ્યું હતું. અદાણી પાવર ગયા અઠવાડિયે રૂા. ૪૧.૩૫ ઉપર હતો અને સપ્તાહ દરમિયાન એક વખત રૂા. ૩૭ થઈને રૂા. ૪૦ ઉપર બંધ આવ્યો છે. નવા અઠવાડિયામાં રાજકીય અનિશ્ચિતતા ઘેરી બનતા આ શેર વધારે ઝડપથી તૂટે તે ભય છે અને તેવો જ મોટો ભય **અદાણી એન્ટરપ્રાઈઝ**ના શેરમાં પણ દેખાય છે.

**જૈન ઈરીગેશન**નો શેર પણ નબળાઈ બતાવશે તેમ દર્શાવ્યું હતું. ગયા અંક વખતે જૈન ઈરીગેશન રૂા. ૫૦.૫૦ ઉપર હતો અને અઠવાડિયા દરમિયાન રૂા. ૪૬ થયા પછી રૂા. ૫૦.૪૦ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં તોફાની ઉછાળાની જગ્યા છે.

**આરબીએલ બેંક** ગયા અઠવાડિયે રૂા. ૬૭૫ ઉપર હતો અને તેમાં પણ મજૂબતી ચાલુ રહેવાની ગણતરી છે. તેવી જ રીતે **સીટી યુનિયન બેંક** ગયા અંક વખતે રૂા. ૨૦૦ ઉપર હતો અને અઠવાડિયા દરમિયાન તેમાં રૂા. ૨૦૮નો ભાવ જોવાયા પછી રૂા. ૧૯૯નું બંધ આવ્યું છે અને તે શેરમાં રોકાણ જાળવી શકાય. હજી પણ મોટો ઉછાળો બેસે છે.

સામે પક્ષે **હનીવેલ ઓટોમેશન**નો શેર ગયા અઠવાડિયે રૂા. ૨૪૦૦૬ ઉપર હતો અને અઠવાડિયા દરમિયાન રૂા. ૨૪૨૪૭ થઈને રૂા. ૨૩૯૩૩ ઉપર બંધ આવ્યો છે અને હજી પણ આ શેરમાં મજબૂત ઉછાળો ડ્યુ છે.

તેવી જ રીતે **એલગી ઇક્વીપમેન્ટ**નો શેર પણ રૂા. ૨૫૭ના ભાવે ઉછાળો બતાવશે તેમ દર્શાવ્યું હતું અને અઠવાડિયા દરમિયાન રૂા. ૨૬૯ થઈને રૂા. ૨૬૨ ઉપર બંધ આવ્યો છે અને આ શેરમાં રોકાણ જાળવી શકાય. આગામી દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળો બેસે છે.

**મેરિકો**ના શેરમાં ગયા અઠવાડિયા દરમિયાન ભાવ રૂા. ૩૫૭થી વધીને રૂા. ૩૬૬ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં કોન્સોલિડેશન અને ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે.

ઘણા સમયથી દર્શાવતા હતા તે મુજબ **તાતા ગ્લોબલ** દ્વારા તાતા સોલ્ટ અને તાતા સંપૂર્ણ બ્રાન્ડ હેઠળના મસાલાનો બિઝનેસ હસ્તગત કરવામાં આવશે અને આ જાહેરાત પછી રૂા. ૨૦૨વાળો તાતા ગ્લોબલનો શેર અત્યારે રૂા. ૨૩૫ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં આ શેર ધીરે ધીરે રૂા. ૨૫૫ અને તે પછી રૂા. ૨૭૦ ઉપર આવી જવાની ગણતરી છે.

**શ્રીસિમેન્ટ**ના શેરમાં પણ મજબૂત અપટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. અત્યારે આ શેર રૂા. ૧૯૪૮૦ ઉપર છે અને લાર્જકેપમાં અલ્ટ્રાટેક અને મીડકેપમાં શ્રી સિમેન્ટનો શેર તોફાની ચાલ બતાવશે. આવતા થોડા દિવસોમાં જ રૂા. ૪૦૦ વધીને રૂા. ૧૯૮૮૦ અને તે પછી રૂા. ૨૦૮૮૦નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. એક કે બે શેરનું કામ કરી શકાય.

રૂા. ૨૭૯૮વાળી **એસઆરએફ**નો શેર છેલ્લા ઘણા સમયથી ઉછાળાનો ટ્રેન્ડ બતાવે છે અને આગામી દિવસોમાં રૂા. ૨૮૩૮ અને તે પછી રૂા. ૨૯૨૯નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

ફાર્મા કંપની **મર્ક**ના શેરમાં સુંદર ઉછાળો જોવા મળ્યો છે. અત્યારે આ શેર રૂા. ૪૩૪૮ ઉપર છે અને હવે તેજી છેલ્લા તબક્કામા આવી ગઈ છે. એક વખત રૂા. ૪૮૪૮નો ભાવ જોવા મળવાની સંભાવના પરંતુ તે વખતે વધારે લોભ ન કરતા રોકડી કરી નાખવી સલાહભરેલ.

**લીન્ડે ઇન્ડિયા**નો શેર અત્યારે રૂા. ૫૩૮ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં જોરદાર ઉછાળો ચાલુ રહેવાની ગણતરી. શોર્ટટર્મ ખેલાડીઓ રૂા. ૫૪૮ અને તે પછી રૂા. ૫૬૮નો ભાવ જોઈ રહ્યા છે.






**ફેડરલ બેંક**નો શેર પણ અપટ્રેન્ડમાં દાખલ થયો છે. અત્યારે રૂા. ૯૮.૬૦ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૦૫નો ભાવ આવવાની ગણતરી છે. તેમ છતાં આ શેરમાં મોટું જોખમ કે રોકાણ ન કરાય કારણ કે હંમેશાં આ શેરની ચાલ નબળી રહી છે.

રૂા. ૨૪૭વાળી **ઝેન્સાર ટેકનોલોજી**નો શેર પણ આગામી દિવસોમાં વધીને રૂા. ૨૫૨ ઉપર આવવાની ગણતરી. એકંદરે આઈટી શેરોમાં નબળો ટ્રેન્ડ હોવાથી આ શેરમાં નાના ઉછાળા માટે રોકાણ ન કરાય.

**એલએન્ડટી ટેકનોલોજી સર્વિસ**નો શેર રૂા. ૧૭૫૯ ઉપર છે અને છેલ્લા બે અઠવાડિયાથી આ શેરે સુંદર ઉછાળો બતાવ્યો. આગામી દિવસોમાં રૂા. ૧૭૭૭ અને તે પછી રૂા. ૧૮૧૮નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે. જ્યારે એનાલિસ્ટો આ શેર માટે આગામી દિવસોમાં રૂા. ૨૦૦૦નો ભાવ પણ લાવ્યા છે અને તેથી પાંચેક શેરનું રોકાણ કરી શકાય.

**ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર** કે જે ગુજરાતમાં બે પાવર પ્લાન્ટ ધરાવે છે તેનો રૂા. ૭૨.૬૦વાળો શેર પણ ધ્યાનમાં રાખવો. એમ તો ગુજરાત સરકારના શેરોમાં અત્યારે નબળો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. આગામી દિવસોમાં રૂા. ૧૦ની નોટ આપી જાય તો પણ નવાઈ નહીં લાગે અને આ કંપનીમાં અદાણી કે અન્ય ગ્રૂપ બજારમાંથી મોટું હોલ્ડીંગ ખેંચી લે અને મેનેજમેન્ટમાં દાખલ થઈ જાય તે સંભાવના પણ છે અને તેથી ૫૦-૧૦૦ શેરનું જોખમ લઈ શકાય.

**એસ્સેલ પ્રોપેક**નો શેર ટેઈકઓવરની વાત પાછળ ધીરે ધીરે સુધરતો જાય છે. અત્યારે રૂા. ૧૩૩






ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં ધીરે ધીરે રૂા. ૧૩૮નો ભાવ આવી જવાની ગણતરી છે.

તોફાની ઉછાળો હવે અમદાવાદ સ્થિત **ફેરકેમ સ્પેશ્યાલિટી કેમિકલ્સ**ના શેરમાં દેખાય છે. અગાઉ આ કંપનીના પ્રમોટરો અમદાવાદના હતા પરંતુ હવે આ કંપની કેનેડાના પ્રેમવત્સની ફેરફેક્સ દ્વારા હસ્તગત થઈ છે અને આ વખતે તેમાં જોરદાર નફો આવવાની ગણતરી છે. ફેરકેમ સ્પેશ્યાલિટીનો શેર અત્યારે રૂા. ૫૧૨ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૫૦ની બે નોટ આપી જવાની સંભાવના મજબૂત છે. થોડા શેરો લઈને મૂકી શકાય.

**ગોદરેજ કન્ઝ્યુમર**નો શેર પણ હવે જોરદાર તેજીમાં દાખલ થયો છે. અત્યારે રૂા. ૬૭૦ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૬૯૦ અને તે પછીના ઉછાળે રૂા. ૭૨૦નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત.

શોટટર્મ ખેલાડીઓનું આકર્ષણ **આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ**ના શેર ઉપર જળવાઈ રહ્યું છે. અત્યારે આ શેર રૂા. ૧૧૨૦ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૧૧૮૦નો ભાવ આવી જવાની ગણતરી છે.

તેવી જ રીતે છેલ્લા થોડા દિવસો દરમિયાન અમદાવાદની **ઇલેક્ટ્રોથમ**ના શેરમાં રૂા. ૨૭૪નો ભાવ આવ્યો છે અને આ શેરમાં આગામી દિવસોમાં મજબૂત અપટ્રેન્ડ ચાલુ રહેવાની ગણતરી. શોર્ટટર્મ ખેલાડીઓ ઈલેક્ટ્રોથમમાં રૂા. ૨૯૩ અને તે પછી રૂા. ૩૧૩નો ભાવ જોઈ રહ્યા છે.

**સીમેક સેન્ટમ** કે જે રૂા. ૪૭૬ ઉપર છે તેના શેરમાં પણ આગામી દિવસોમાં મજબૂત ઉછાળાની ગણતરી. તેમ છતાં આ શેરમાં ઉછાળીને પહેરાવી દેવાની રમત છે અને તેથી મોટું રોકાણ ન કરવું સલાહભરેલ. એક વખત રૂા. ૪૯૭-૫૦૦નો ભાવ લાવી દે તે સંભાવના મજબૂત છે.

**પેપર પ્રોડક્ટ**નો શેર અત્યારે રૂા. ૨૫૦ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં આ શેર રૂા. ૨૬૫ અને તે પછી રૂા. ૨૭૫ ઉપર આવી જવાની ગણતરી. નાનું રોકાણ કરી શકાય.

**દાલમિયા સુગર**નો શેર પણ ધીમો સુધારો બતાવે છે અત્યારે રૂા. ૧૧૩ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં પણ નાના ઉછાળાની સંભાવના. તેમ છતાં ખાંડ શેરોમાં ગમે ત્યારે મોટું ગાબડું પડી જાય તે ભયને કારણે મોટું કામકાજ ન રાખવું.

**વિનતી ઓર્ગેનિક**નો શેર વધીને રૂા. ૧૮૧૪ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં તોફાની ઉછાળાની ગણતરી. તેવી જ રીતે **ગેલેન્ટ ઇસ્પાત**નો શેર અત્યારે રૂા. ૩૮ ઉપર ચાલે છે અને તોફાની ઉછાળા સાથે રૂા. ૪૪-૪૬નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે અને તે વખતે પ્રોફિટ બુકીંગ કરી શકાય.

બંધન બેંક દ્વારા હસ્તગત થયેલી **ગૃહ ફિનાન્સ**નો શેર અત્યારે રૂા. ૩૦૭ ઉપર છે અને આગામી દિવસોમાં ઝડપી ઉછાળા સાથે રૂા. ૩૨૦નો ભાવ આવવાની ગણતરી અને તેવી જ રીતે રૂા. ૨૮૪ ઉપરના **દીપક નાઇટ્રેડ**ના શેરમાં પણ સુંદર ઉછાળો બેસે છે. આ શેરમાં લગભગ એક મહિનો તેજી ચાલવાની સંભાવના છે.

**પીવીઆર**નો શેર છેલ્લા થોડા સમયથી ધીરે ધીરે વધતો જાય છે. અત્યારે રૂા. ૧૭૯૭ ઉપર છે અને આગામી દિવસોમાં પીવીઆરના શેરમાં રૂા. ૧૮૪૮ અને તે પછી રૂા. ૧૯૧૯નો ભાવ જોવા મળવાની સંભાવના. તેમ છતાં કમાણીની સરખામણીમાં પીવીઆરનું વેલ્યૂએશન ખૂબ જ મોંઘુ હોવાથી તેમાં મોટું રોકાણ ન કરવું. ગમે ત્યારે મનપસંદ બેવરેઝ

- **એસબીઆઈ લાઈફ**, સ્ટેટ બેંકની બ્રાન્ચોના વિશાળ નેટવર્કનો ફાયદો આ ઈન્સ્યોરન્સ કંપનીને મળી રહ્યો છે. વધીને રૂા. ૬૩૬ ઉપર આવેલા આ શેરમાં નફાશક્તિની સરખામણીમાં દેખીતો ભાવ થોડોક ઊંચો. ટોપલાઈન અને બોટમલાઈનમાં આવતા બે ક્વાર્ટર મોટા ઉછાળાની આરએસની ગણતરી. અત્યારના ભાવે કરેકશનની જગ્યા નહીંવત. ઈન્વેસ્ટમેન્ટની રીતે થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **આઈસીઆઈસીઆઈ જનરલ**, છેલ્લા ત્રણ અઠવાડિયાથી સતત લેવડાવીએ છીએ અને સરકારી વીમા કંપનીઓની સરખામણીમાં ખાનગી વીમા કંપનીઓ તરફ ગ્રાહકોનું આકર્ષણ. નબળા બજારમાં પણ વધીને રૂા. ૧૦૯૨ ઉપર આવ્યો છે. જાળવી રાખજો. દેખીતું વેલ્યૂએશન ભલે મોંઘું હોય, નફાશક્તિમાં વધારે મોટા ઉછાળાની જગ્યા અને આગામી દિવસોમાં રૂા. ૧૧૫૦ના ભાવની ગણતરી.
- **એચડીએફસી લાઈફ**, મીડકેપ શેરોમાં અત્યારનો સૌથી મજબૂત શેર અને તાજેતરમાં જ રૂા. ૪૨૦નું ટોપ બતાવ્યા પછી અત્યારે શોર્ટટર્મ પ્રોફિટ બુકિંગના તબક્કામાં. અત્યારે ઘટીને રૂા. ૩૮૦ ઉપર મળી રહ્યો છે. થોડા દિવસો પહેલા રૂા. ૩૪૫નું તળિયું બતાવ્યું હતું. ભલે થોડો ઘટે, એસઆઈપીની રીતે દર મહિને ૨૦ શેર ભેગા કરતા જજો. અને સુંદર રિટર્ન આપી જશે. રૂા. ૬૦૦ના ભાવની ૧૨ મહિને ગણતરી.
- **મહાનગર ગેસ**, મુંબઈ શહેર અને તેની આસપાસના પરાઓને સીએનજી અને પીએનજી ગેસ સપ્લાય કરવામાં આ કંપનીની મોનોપોલી. ગ્રાહકો વધતા જાય છે અને નફાશક્તિ પણ સંપૂર્ણપણે ગેરેન્ટેડ, શેર અત્યારે ઘટાડાના તબક્કામાં. ઈન્દ્રપ્રસ્થ ગેસની સરખામણીમાં વેલ્યૂએશન એકદમ સસ્તુ. અત્યારના રૂા. ૮૪૫ના ભાવે આંખ મીંચીને ૨૦-૪૦ શેર લઈને મૂકી દેજો. જોખમ નહીંવત. નબળા બજારમાં પણ તમને કમાઈ આપે તેવી ડીએસની ગણતરી.
- **એમઆરએફ**, ટાયર સેક્ટરની સૌથી મોટી કંપની અને રૂા. ૫૩૬૯૨ના ભાવે સૌથી મોંઘો શેર. છેલ્લા બે વર્ષ ભલે સુંદર કમાણી આપી હોય પરંતુ વેલ્યૂએશન અતિશય મોંઘુ અને તેથી કરેકશન પણ અતિશય મોટું આપી જાય. આ શેરમાં પ્રોફિટ બુકીંગ શરૂ કરતા જવાય. આગામી દિવસોમાં રૂા. ૫૦૦૦૦ની નીચે ભાવ આવી જવાની સંભાવના મજબૂત.
- **એનએમડીસી**, દેશની સૌથી મોટી આયર્નઓર કંપની. અને આંતરરાષ્ટ્રીય બજારમાં આયર્નઓરના ભાવમાં શરૂ થયેલી તોફાની તેજી, એનએમડીસીને પણ ફાયદો મળવાનો, શેર ફક્ત રૂા. ૯૦ના ભાવે મળે છે. ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેજો અને ખરાબ બજારમાં પણ સુધરીને રૂા. ૧૦૦ ઉપર આવવાની મજબૂત સંભાવના.
- **વોડાફોન-આઈડિયા**, રાઈટ ઈશ્યૂ વખતે કસ નથી તેમ દર્શાવ્યું હતું અને તે વખતે રૂા. ૧૬-૧૮વાળો વોડાફોન-આઈડિયાનો શેર અત્યારે ફક્ત રૂા. ૧૨ ઉપર આવી ગયો છે. હવે વધારે શું ઘટે ? રૂા. ૧૨ના ભાવે ૨૦૦ શેર લઈને મૂકી દેજો અને કોઈ સારા સમાચારના ટેકે રૂા. ૧૪-૧૫ ઉપર આવી જવાની ગણતરી.
- **કેડિલા હેલ્થકેર**, છેલ્લા થોડા અંકથી રોકાણની ના પાડતા હતા અને રૂા. ૩૨૦વાળો શેર અત્યારે રૂા. ૨૫૭ ઉપર આવી ગયો છે. પ્રમોટરો ઉમદા અને તેથી આ ધંધાના ખૂબ જ અનુભવી. અમેરિકા ખાતેના પગલાંઓને કારણે સેન્ટીમેન્ટ ઉપર અસર. તેમ છતાં હવે ઘટવાની જગ્યા નહીંવત. રૂા. ૨૫૭ના ભાવે ૬થી ૯ મહિનાની ગણતરીએ શેર લઈને મૂકી શકાય અને આગામી દિવસોમાં સુંદર ઉછાળાની જગ્યા.
- **મધરસન સુમી**, રૂા. ૫૦૦૦૦ કરોડના વેચાણો સાથે દેશની સૌથી મોટી ઓટોએન્સીલરી અને પાર્ટ્સ કંપની છે. અતિશય વિશાળ પ્રોડક્ટ પોર્ટફોલિયો, અત્યારે ઘટીને રૂા. ૧૧૮ ઉપર આવી ગયો છે. હવે ઘટવાની જગ્યા નહિવત. ફન્ડામેન્ટલ અતિશય મજબૂત. રૂા. ૧૧૮ના ભાવે થોડા થોડા શેરો ભેગા કરતા જજો. ૧૨ મહિને ૩૦થી ૪૦ ટકા રિટર્નની ગણતરી.
- **પીડીલાઈટ**, ફેવિકોલ અને એધેઝિવના માર્કેટમાં પીડીલાઈટની સંપૂર્ણ મોનોપોલી. અત્યારે રૂા. ૧૧૫૩ ઉપર મળી રહ્યો છે. તેમ છતાં ક્રૂડના ભાવ વધી ગયા હોવાથી ઉત્પાદન ખર્ચમાં ઉછાળો, નફાશક્તિ ઉપર અસર દેખાય. આગામી દિવસોમાં રૂા. ૧૧૫૩થી એક વખત ઘટીને રૂા. ૧૧૨૦ સુધી ભાવ નીચો આવી જવાનો ભય. અને તે વખતે ૧૦ શેર લઈને મૂકી દેજો, કમાવાશે.






## તાતા કન્ઝ્યુમર પ્રોડક્ટ : ભવ્ય વૃદ્ધિની ગણતરી

તાતા કેમિકલ્સના કલોર આક્લકી બિઝનેસની બાય પ્રોડક્ટ તરીકે તાતા સોલ્ટનું વેચાણ શરૂ થયું હતું પરંતુ ધીરે ધીરે તાતા ગ્રૂપ મજબૂત પ્રમોશનલ પગલાઓ અને તેની બ્રાન્ડ ઈમેજને કારણે તાતા સોલ્ટ અત્યારે દેશની સૌથી મોટી બ્રાન્ડ બની ચૂકી છે. અને તે પછી મેનેજમેન્ટે મરી મસાલા અને અનાજના બિઝનેસમાં પણ ઝંપલાવ્યું અને અત્યારે તે પ્રોડક્ટ પોર્ટફોલિયો પણ ખૂબ સુંદર માર્કેટ ધરાવે છે પરંતુ કન્ઝ્યુમર પ્રોડક્ટોનું માર્કેટિંગ અને પ્રમોશન બે અલગ અલગ કંપનીઓમાં થતું હોવાથી સેલ્સ અને ડિસ્ટ્રીબ્યુશન ખર્ચ ડબલ આવતો હતો અને તાતા કેમિકલ્સમાં બે તદ્દન અલગ બિઝનેસોને કારણે તાતા કેમિકલ્સના શેરનું વેલ્યૂએશન પણ નીચુ રહેતું હતું અને તેથી સીનરજીનો ફાયદો લેવા માટે અને તાતા કેમિકલ્સમાં એક ફોકસવાળા બિઝનેસને ધ્યાનમાં રાખીને તાતા ગ્રૂપે તાતા કેમિકલ્સના એફએમસીજી બિઝનેસને તાતા ગ્લોબલ બેવરેઝીસ હસ્તક લાવી દેવાનું નક્કી કર્યું છે અને સાથે સાથે તાતા કોફી લિમિટેડ હસ્તકનો કોફીનો બિઝનેસ પણ તાતા ગ્લોબલ બેવરેઝીસમાં ભેળવી દેવાશે અને આ મર્જર અને રીસ્ટ્રક્ચર પછી તાતા ગ્લોબલ બેવરેઝીસનું નામ હવે તાતા કન્ઝ્યુમર પ્રોડક્ટ કરવામાં આવી રહ્યું છે.

તાતા કેમિકલ્સના ૩૦૦ કર્મચારીઓ કે જે અત્યારે તાતા સોલ્ટ અને મરીમસાલાના ધંધા સાથે સંકળાયેલા છે તેઓ હવે તાતા કન્ઝ્યુમર પ્રોડક્ટમાં શિફ્ટ થઈ જશે. અને આ મર્જરને કારણે તાતા કેમિકલ્સના શેર હોલ્ડરોને તેમની પાસેના એક શેર સામે તાતા ગ્લોબલ બેવરેઝીસના ૧.૧૪ શેર મળશે. તાતા કેમિકલ્સના શેરનો અત્યારે બજારભાવ રૂા. ૬૦૬ ચાલી રહ્યો છે. જ્યારે મર્જર અને રીસ્ટ્રક્ચરની જાહેરાત પછી તાતા ગ્લોબલનો શેર રૂા. ૨૦૨થી વધીને અત્યારે રૂા. ૨૨૦ ઉપર આવી ગયો છે. આમ એક જ સેશનમાં તાતા કન્ઝ્યુમર પ્રોડક્ટના શેરના ભાવમાં લગભગ ૧૦ ટકાનો તોફાની ઉછાળો જોવાયો.

હોલ્ડીંગ કંપની તાતા સન્સના બ્રાન્ડ કસ્ટોડિયન હરિશ ભાટના દર્શાવ્યા મુજબ આ મર્જરને કારણે તાતા ગ્રૂપની તમામ કન્ઝ્યુમર બ્રાન્ડ હવે એકનેજા હેઠળ આવી જશે અને તેને કારણે ડિસ્ટ્રીબ્યુશનમાં જે ડુપ્લીકેશન અને વધારે ખર્ચો થતો હતો તે નિરાવી શકાશે. અને મર્જર પછી આ કંપનીનું રૂા. ૯૦૯૯ કરોડનું ટર્નઓવર અને રૂા. ૧૧૫૪ કરોડનો ઓપરેટીંગ નફો થઈ જશે. સામે પક્ષે હિન્દુસ્તાન યુનિલિવર અત્યારે રૂા. ૩૮૨૨૪ કરોડના વેચાણો સાથે દેશની ટોચની એફએમસીજી કંપની તરીકે સ્થાન ધરાવે છે. આગામી સમયગાળામાં તાતા કન્ઝ્યુમર પ્રોડક્ટ હવે ડિટરજન્ટના બિઝનેસમાં પણ દાખલ થશે અને અન્ય કન્ઝ્યુમર કેટેગરી પણ લોન્ચ કરવામાં આવશે. આ ઉપરાંત ચા, કોફી, મીઠાની સાથે સાથે અન્ય ફુડ અને બેવરેઝીસ પ્રોડક્ટ લોન્ચ કરવાની યોજના પણ છે.

આ મર્જર અને રીસ્ટ્રક્ચરની પ્રક્રિયા જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૦ના સમયગાળામાં પૂરી થવાની ગણતરી છે. અને તે પછી તાતા કન્ઝ્યુમર પ્રોડક્ટના શેરમાં ખૂબ સુંદર વૃદ્ધિની જોઈ શકાશે.


**DYNAMIC INDUSTRIES LIMITED**

Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23
CIN : L24110GJ1989PLC011989
Email : cs@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૩૦મી મે,૨૦૧૯,ગુરૂવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૧મી માર્ચ,૨૦૧૯ ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક /વાર્ષિક સમયગાળાના ઓડિટેડ એકલ નાણાકીય પરિણામો અને સંયુક્ત નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
ગણેશ ટેમકર
કંપની સેક્રેટરી

સ્થળ: અમદાવાદ
તારીખ : ૨૨મે,૨૦૧૯